**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૩૪ ટકા

# બ્રહ્માકુમારી સંસ્થા સેકટર-૨સી કેન્દ્ર ખાતેથી શોભાયાત્રા




ગાંધીનગર, તા. ૧૪
પ્રજાપતિ બ્રહ્માકુમારી તથા ઈશ્વરીય વિશ્વવિદ્યાલય સેકટર-૨સીના ઉપક્રમે સંસ્થાના કેન્દ્ર ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવવ્યું હતું. શોભાયાત્રાના પ્રારંભમાં સંસ્થાના કેન્દ્રસંચાલિકા બ્રહ્માકુમારી ભાવના દીદીએ શોભાયાત્રાને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ શોભાયાત્રામાં સ્થાનિક નવગરસેવક નરેશ પરમાર અને પ્રવીણાબેન ઉપસ્થિત રહ્યા હતા.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલ, સૅક્ટર-૨ સીના ઉપક્રમે સંસ્થાના કેન્દ્ર ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ભાવિક ભાઈ-બહેનો ખૂબ મોટી સંખ્યામાં યાત્રામાં જોડાયાં હતાં.

પ્રારંભમાં કેન્દ્ર સંચાલિકા બ્રહ્માકુમારી ભાવનાદીદીએ મહા શિવરાત્રીનું સાચું આધ્યાત્મિક રહસ્ય સમજાવીને સૌને શિવ જયંતિ મહોત્સવ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સ્થાનિક નગરસેવક નરેશભાઈ પરમાર અને પ્રવિણાબેન વોરાએ ખાસ ઉપસ્થિત રહીને શિવ પરમાત્મા દ્વારા બ્રહ્માકુમારીઝ દ્વારા ચાલી રહેલા વિશ્વ પરિવર્તનના ભગીરથ કાર્યથીત સૌને માહિતગાર કર્યા હતા. બંને મહાનુભાવો તેમજ બ્રહ્માકુમારી ભાવનાદીદી દ્વારા શિવ ધ્વજારોહણ બાદ ફુગ્ગા ઉડાડી શિવ સંદેશનો મહિમા વહેતો કરવામાં આવ્યો હતો. તેમણે લીલી ઝંડી બતાવીને શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

શોભાયાત્રામાં સંગીતના તાલ સાથે શિવપિતાના ધ્વજની વિશ્વ શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટેનાં સંગીતમય ગીતોની રસલ્હાણ કરાવવામાં આવી હતી.

પ્રથમ સ્તરે મોટરસાઈકલ, બીજે સ્તરે સ્કૂટર અને ત્રીજા સ્તરે મોટરકાર અને મોટી સંખ્યામાં પદયાત્રીઓ પણ આ શોભાયાત્રામાં જોડાયા હતા. સમગ્ર સૅક્ટર-૨ના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો પર આ શોભાયાત્રા ફરી હતી. પરમાત્માના સંદેશને વ્યક્ત કરતાં બૅનર્સ સહિત ભાવિકો અને શિસ્તબદ્ધ નાગરિકો આ શોભાયાત્રામાં જોડાયા હતા. મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ શોભાયાત્રાનાં દર્શન કર્યાં હતાં.

શોભાયાત્રાનું સમાપન પ્રસંગે ગાંધીનગર કેન્દ્રનાં મુખ્ય સંચાલિકા કૈલાશદીદી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે શિવના દિવ્ય અવતરણની યાદગાર મહા શિવરાત્રીના પાવનતમ પર્વનો મહિમા સૌને જણાવ્યો હતો.

## વાતવાતમાં

● વેલેન્ટાઈનની ઉજવણીમાં શહેરના સિનેમા થિયેટર્સ હાઉસફુલ રહેવા પામ્યા હતા. સાંજના સમયે શહેરના ખાણી-પીણી બજારમાં પણ ભારે ઘરાકી જોવા મળી હતી.

● બે દિવસ પહેલા ઘ-૭ સર્કલે હોસ્ટેલમાં રહેતી એન્જિનિયરીંગની વિદ્યાર્થીનીને એક બાઈક સવારે હાથ પકડી મારી સાથેલગ્ન કર અથવા હું તને મારી નાંખીને આત્મહત્યા કરીશ' તેવી ધમકી આપતા યુવતીએ બુમાબુમ કરી હતી જેના પગલે ભીડ એકઠી થતા યુવાન રફુચક્કર થઈ ગયો હતો. આ યુવતીએ ગામડે રહેતા પોતાના પિતાને ઘટનાની જાણ કરતા તેમણે આવીને બુધવારે સે.૨૧ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

● ગાંધીનગરના યુવા લેખક જૈમિન શુક્લ વેલેન્ટાઈન-ડેના દિવસે તેમનું વધુ એક પ્રેમકથા આધારિત પુસ્તક નજીકના ભવિષ્યમાં પ્રકાશિત કરવાની જાહેરાત કરી હતી. આ પુસ્તકનું વેચાણ ઈ-કોમર્સ દ્વારા કરાશે તેમજ ઓનલાઈન મોબઈલ એપ થકી પણ તેનું ઈ-બુક વર્ઝન દેશ-વિદેશમાં લોન્ચ કરાશે.

# ઘરફોડ ચોરીનાં ગુનાઓ 'બર્કીંગ' કરવામાં શહેર પોલીસ માસ્ટર..!

### સે. ૭-ડી અને સે. ૨૬ કિસાનનગરમાં ઘરફોડીયાઓ હાથ સાફ કરી ગયા પણ એનકેન પ્રકારે ફરીયાદ ના નોંધાઈ..!

ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગર શહેર વિસ્તારમાં ઘરફોડ ચોરીઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે પરંતુ આ ગુનાઓનો વધારો માત્ર ભોગ બનનાર મકાન



માલીકો જ અનુભવ કરી રહ્યા છે. કેમ કે શહેરની પોલીસના ચોપડા ઉપર તો 'સબ સલામત' જ છે..! કેમ કે આવો કોઈ ગુનો પોલીસ ચોપડે નોંધાયો જ નથી..! શહેર પોલીસે પોતાની લાજ જાય તેવા કોઈ ગુના દાથલ કરવામાં રસ નથી. એનકેન પ્રકારે આવી ફરીયાદ લઈને આવનારને 'પટાવી' કે 'ડર' બતાવી પાછા કાઢી મુકાય છે. અથવા અરજી લઈ લેવાય છે. તેમાં પણ ખાસ કરીને ચેઈન સ્નેચીંગ, ચોરી અને ઘરફોડ ચોરીનાં ગુનાઓ 'બર્કીંગ' કરવામાં શહેર પોલીસ માસ્ટર થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે.

એક અઠવાડીયામાં ત્રણેક ઘરફોડ ચોરીઓ એવી ધ્યાને આવી છે કે જે મીડીયા સુધી પહોંચી છે પણ પોલીસ ચોપડાના રેકર્ડ ઉપર નથી આવી..! કોઈના ધક્કાઓ વધી જશે..! ફરીયાદ કરવામાં કાંઈ મજા નથી ખોટી ઈન્કવાયરીઓ થાય..! ચોર પકડાશે તો બોલાવીને ફરીયાદ લઈ લઈશુ અત્યારથી શુ કામ તમારે હેરાન થવુ જોઈએ..! આવા મીઠા શબ્દોથી ફરીયાદીને સમજાવી લેવામાં શહેર પોલીસ માસ્ટર થઈ ગઈ છે. સેક્ટર-૭-ડીમાં અઠવાડીયા પહેલા ચૌધરી સ્કૂલની સામેના એક મકાનમાં ધોળે દિવસે ઘરફોડ ચોરી થઈ હતી. તે ફરિયાદ થઈ નથી ત્યાં બે દિવસ પહેલા ફરી સેક્ટર-૭-ડીમાં ઘરફોડ ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યુ છે. તો બીજી તરફ સે. ૨૬ કિસાનનગરમાં પણ શોપીંગ પાસે ઘરફોડ ચોરી થઈ છે. પરંતુ ત્રણમાંથી એકેય ઘરફોડ પોલીસના ચોપડે નથી એ નવાઈની વાત છે.

## એટીએમમાંથી રૂપિયા ઉપાડી જાય એમાં અહીં ફરીયાદ ના થાય : પીએસઓ

### માણસા પીએસઓએ ફરીયાદીને કહી દીધુ કે 'અમે ફરીયાદ ના લઈએ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ જવુ પડે...'

ચોરી, ઘરફોડ જેવા ગુનાઓ 'બર્કીંગ' કરવામાં પોલીસ માસ્ટર થઈ ગઈ છે. પરંતુ સાયબર ક્રાઈમના ગુનામાં તો બહાના શુ કાઢવા એ પણ નથી આવડતા..! આજે માણસા પોલીસ સ્ટેશનમાં એક ફરીયાદી પહોંચ્યા અને પીએસઓને કહ્યુ કે મારા એટીએમમાંથી રૂપિયા ઉપડી ગયા છે. ફરીયાદીની વાત સમજે તે પહેલા જ પીએસઓ (પોલીસ સ્ટેશન ઓફીસર) ફરીયાદી ઉપર તડુક્યા..! ખબર નથી પડતી, કોઈને પાસવર્ડ અપાતો હોય..? આવી બધી ફરીયાદો અહી ના થાય, તમારે ફરીયાદ કરવી હોય તો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં જવુ પડશે. તેમ કહીને પીએસઓએ ફરીયાદીને ધકેલી મુક્યા હતા. ફરીયાદી બીચારો પણ સમજી ગયો કે સાહેબ કહે છે એવુ જ હશે..!

## ઉમિયા માતાજીના મંદિરે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગરના સેકટર-૧૪માં આવેલા ઉમિયા માતાના મંદિરે ૧૭મી ફેબ્રુઆરીને શનિવારે ૬.૩૯ થી સાંજે સાંજે ૬.૩૯ કલાકે આનંદના ગરબાનું આયોજદન કરવાં આવ્યું છે. ઉમિયા માતાના મંદિરે અખંડ આનંદનો ગરબો ભાવના ગોકલાણીના કંઠે યોજવામાં આવ્યો છે.

ધર્મપ્રેમી જનતાને ઈલા પટેલ તથા તેમના પરિવાર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# સરકારી વિનયન કૉલેજના વિદ્યાર્થીઓ વૃદ્ધાશ્રમની મુલાકાતે




સરકારી વિનયન કૉલેજના એમ.એ. પાર્ટ-૨માં સમાજશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમના ભાગરૂપે 'કૈલાસધામ' વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ વૃદ્ધાશ્રમમાં ૧૧૮ વડીલોને મળીને તેમની દિનચર્યા વિશે માહિતી મેળવી હતી.

આ ઉપરાંત વિદ્યાર્થીઓએ વૃદ્ધોને બિસ્કીટ તથા નાસ્તાની વહેંચણી કરીને વડીલોના આશીર્વાદ પણ મેળવ્યા હતા. આ મુલાકાતમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. રાહુલ ભટ્ટે હાજર રહીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



## સે. ૨૪માં વૃક્ષ રીક્ષા પર પડતા બે ને ઈજા

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ખાતે બપોરના સુમારે માર્ગ પરથી પસાર થઈ રહેલ રીક્ષા પર ઝાડ પડ્યુ હતુ. રીક્ષા પર ઝાડ પડતા બે વ્યક્તિઓને ઈજા પહોંચતા તાત્કાલિક ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે નવી રીક્ષાને મોટી માત્રામાં નુકશાન થવા પામ્યું હતું. જ્યારે રીક્ષા પર ઝાડ પડતા આસપાસના વેપારીઓ, નાગરીકો સ્થળ પર દોડી આવ્યા હતા અને બચાવકાર્ય હાથ ધર્યુ હતુ.

# ગાયને બચાવવા જતા કાર ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ

### કુડાસણ નજીક શિવાલય સામે અકસ્માત સર્જાયો : સદ્ભાગ્યે કોઈ જાનહાની નહી




ગાંધીનગર, તા. ૧૪
ન્યુ ગાંધીનગરમાં કુડાસણથી સરગાસણ તરફ જવા માટે નવા બનેલા રોડ ઉપર આજે બપોરે સર્જાયેલા એક અકસ્માતમાં કારચાલક મોતના મોંમાંથી બહાર આવ્યો હતો. આજે બપોરના અરસામાં સરગાસણનો યુવાન કાર લઈને જતો હતો ત્યારે અચાનક આડે ગાય આવતા તેને બચાવવા જતા કાર એક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. ફિલ્મના શુટીંગમાં જે રીતે કાર બોનેટના ભાગથી અથડાઈને પાછળ ઉછડીને ભાગથી હવામાં ફંગોળાઈ છે તેવુ દૃશ્ય આ અકસ્માતમાં સર્જાયુ હતુ. સદ્ભાગ્યે આ અકસ્માતમાં કારચાલક યુવાનને ખરોચ પણ આવી ન હતી.

સરગાસણ ગામનો યુવાન આજે બપોરના અરસામાં તેની બીટકાર લઈને ન્યુ ગાંધીનગરમાં કુડાસણથી સરગાસણ જવાના નવા તૈયાર થયેલા માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે શિવાય સાઈટ નજીક કારની આગળ અચાનક ગાય આવી ગઈ હતી. ગાયને બચાવવા કારચાલકે સ્ટીયરીંગ ફેરવી નાંખ્યુ હતુ. રોડની સાઈડમાં ઉતરી ગયેલી કાર ધડાકા સાથે એક ઝાડમાં ઘુસી ગઈ હતી અને પાછળના ભાગેથી હવામાં ઉછળી હતી. આ ભયંકર અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની કે ગંભીર ઈજાઓ થવા પામી ન હતી. ટ્રેક્ટરથી કારને ખસેડીને ઝાડથી અલગ કરવામાં આવ્યા બાદ કારચાલક ત્યાંથી નીકળી ગયો હતો.

# શહેર મધ્યે સરકારી સંપત્તિ વર્ષોથી બિનઉપયોગી

### સેક્ટર ૨૩માં સુવિધા પાસે જર્જરીત સંપત્તિ હાલ અસામાજીક તત્વોનો અડ્ડો, સ્માર્ટસીટીની હોડ છતાં ખંડેર આ સંપત્તિને વિકાસ સ્પર્શ્યો નથી

ગાંધીનગર તા. ૧૪
રાજ્યના પાટનગરમાં રહેઠાણનાં મકાનો તથા વ્યવસાયીકો માટેના સ્થળ ખૂબ જ મોંઘા થઈ ગયા છે. ગાંધીનગર શહેર ચો-તરફ વિકાસને લીધે પ્રગતિ કરી રહ્યુ છે. જેમાં વળી સ્માર્ટસીટી માટે અનેક વિકાસના કામો થઈ રહ્યા છે ત્યારે શહેરમધ્યે સેક્ટર૨૩ માં આવેલ મલ્યવાન સરકારી સંપત્તિ ખંડેર હાલતમાં બિન ઉપયોગી પડી રહી છે. જર્જરીત બની ગયેલા રહેણાંક માટેના બનતા અધુરા રહેલા આવાસો હાલ અસામાજીક તત્વોનો અડ્ડો બન્યા છે. રાત્રીના સમયે ભયાનક ભાસતી આ સરકારી સંપત્તિ વર્ષોથી જેમની તેમ પડી રહી છે જેને ઉપયોગમાં લેવા માટેના કોઈ જ પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં ન આવ્યા હોવાનું લાગી રહ્યુ છે. જે આવાસોની અછત વચ્ચે પણ તંત્રની લાપરવાહી સ્પષ્ટ વર્તાયેલી જણાય છે.



શહેરના મધ્યે આવેલ સેક્ટર ૨૩ની સુવિધા પાસે તેમજ કડી સંકુલની નજીક સરકારની મલ્યવાન સંપત્તિ ખંડેર હાલતમાં વર્ષોથી પડી રહી છે. દિન-પ્રતિદિન શહેરમાં વસવાટીઓની સંખ્યા વધી રહી છે અને રહેણાંક આવાસોની અછત થકી સંપત્તિઓની કિંમત આકાશને આંબી રહી છે ત્યારે વર્ષોથી જર્જરીત બની ગયેલ આ સંપત્તિ પ્રત્યે તંત્ર બેદરકાર હોવાનું બહાર આવ્યુ છે.

સ્માર્ટસીટી અંતર્ગત શહેરમાં સવલતો અને સગવડો વધારાઈ રહી છે ત્યારે ખંડેર બનેલા આ અધુરા આવોસોને હજુ શુધી વિકાસ સ્પર્શી શક્યો નથી. તો બીજી તરફ અસામાજીક તત્વો આ સ્થળનો ગેરકાયદેસર પ્રવૃતિ કરવા માટે બેફામ ઉપયોગ કરી રહ્યા છે. વિકાસ તરફ તેજ ગતિએ આગળ વધી રહેલા ગાંધીનગર માટે આવી મુલ્યવાન સંપત્તિની અનદેખી પોષાય તેમ નથી છતાં પણ કયાં સંજોગોમાં તંત્ર આ સ્થળના વિકાસ માટે રસ દાખવતુ નથી તે પ્રશ્ન નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે. સેક્ટર ૨૩માં આવેલ આ સરકારી સંપત્તિ એ બની રહેલાં રહેણાંકના મકાનો છે જે કોઈ કારણોસર અધુરા છોડી દેવાયા છે તેમજ તે અંગે કોઈ જ પ્રકારનું ધ્યાન અપાયુ નથી જે કારણે મકાનોની અંદર ઝાડી ઝાંખળા તેમજ બહાર પણ ગંદકીનું સામ્રાજ્ય સ્થપાયુ છે. અધુરા રહેલા મકાનો જર્જરીત હાલતમાં ધરાશાયી થાય તેવી શક્યતા પણ સેવાઈ રહી છે. માટે તંત્ર આ સરકારી સંપત્તિ માટે યોગ્ય ઉકેલ લાવી તેનું પુનઃ નિર્માણ હાથ ધરે તો સ્માર્ટસીટીની ઓળખમાં ચારચાંદ લાગી જાય તેવી નગરજનોની માંગ ઉભી થઈ છે.

# શહેરમાં પૂજ્ય રવિશંકર મહારાજની ૧૩૫મી જન્મ જયંતિ ઉજવવામાં આવી

ગાંધીનગર, તા.૧૪
મુંબઈ રાજયમાંથી છૂટા પડેલા ગુજરાત રાજયનું ઉદ્ઘાટન કરનાર ઉદ્ઘાટક અને પૂજ્ય એવા રવિશંકર મહારાજની ૧૩૫મી જન્મ જયંતિ ૧૩ તારીખના રોજ ગાંધીનગર વસાહત મંડળ દ્વારા ઉજવવામાં આવી હતી. શિવરાત્રીના પવિત્ર દિવસે આવેલા આ અવસરે ગાંધીનગર વસાહત મંડળના સભ્યો દ્વારા પાટનગરના ઘ-૫ સર્કલ પર જે પૂજ્ય મહારાજની પ્રતિમા મૂકવામાં આવી છે. ત્યાં પ્રાર્થના સાથે પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી સાથે ગુજરાતના ઉદ્ઘાટન વેળા 'ઘસાઈને ઉજળા થવું.' ના તેમના વચનો વગોળ્યા હતા.આ પ્રાર્થના સભામાં, સવારે પાંચ વાગ્યે અરુણ બુચ, રવિન્દ્ર દવે, નિલેન્દ્ર વોરા, લતાબેન ચોકસી, ભરત કવિ, સુધીર દેસાઈ, બી.એ. શુક્લ, સહિત આગેવાનો અને નગરજનોએ પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે જશવંત ગાધી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. શારદાબેન પોપટલાલ પટેલ, ઉ.વ.૬૬
- વજેસિંહ અમરસિંહ ડોડીયા, ઉ.વ.૭૫
- સ્વ. જયાબેન રતિલાલ ઠક્કર, ઉ.વ.૭૬
- સ્વ. નિલપાબેન રવિકુમાર પટેલ, ઉ.વ.૨૨
- મંગુબેન મથુરજી ઠાકોર, ઉ.વ.૮૫